Tuesday
09.07.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
*Volume :8 * Issue No.349
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva
*Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

રશિયન સંઘ અને ઓસ્ટ્રિયા પ્રજાસત્તાકની સત્તાવાર મુલાકાતો માટે માનનીય પ્રધાનમંત્રીનું પ્રસ્થાન નિવેદન

કમલમ્ ન્યુઝ,

હું ૨૨મા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયન સંઘની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યો છું અને આગામી ત્રણ દિવસમાં ઓસ્ટ્રિયા પ્રજાસત્તાકની મારી સૌપ્રથમ મુલાકાત લઉં છું. ભારત અને રશિયા વચ્ચે છેલ્લાં ૧૦ વર્ષમાં વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિ થઈ છે, જેમાં ઊર્જા, સુરક્ષા, વેપાર, રોકાણ, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કૃતિ, પ્રવસન અને લોકો વચ્ચેનાં આદાન-પ્રદાનનાં ક્ષેત્રોસામેલછે. હું મારા મિત્ર રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય સહકારના તમામ પાસાઓની સમીક્ષા કરવા અને વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર દૃષ્ટિકોણ વહેંચવા આતુર છું. અમે શાંતિપૂર્ણ અને સ્થિર ક્ષેત્ર માટે સહાયક ભૂમિકા ભજવવા માંગીએ છીએ. આ મુલાકાતથી મને રશિયામાં વાઈબ્રન્ટ ભારતીય સમુદાયને મળવાની તક પણ મળશે. ઓસ્ટ્રિયામાં મને રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર વાન ડેર બેલેન અને ચાન્સેલર કાર્લ નેહમરને મળવાની તક મળશે. ઓસ્ટ્રિયા એ અમારો અગ્રગામી અને વિશ્વસનીય ભાગીદાર છે અને અમે લોકશાહી અને બહુવચનવાદના આદર્શો વહેંચીએ છીએ. છેલ્લાં ૪૦ વર્ષમાં કોઈ પણ ભારતીય પ્રધાનમંત્રીની આ પ્રથમ મુલાકાત છે. હું નવીનતા, પ્રૌદ્યોગિકી અને સ્થાયી વિકાસના નવા અને ઉભરતા ક્ષેત્રોમાં આપણી ભાગીદારીને વધુ ઊંચાઈ પર લઈ જવા માટે મારી ચર્ચાઓ માટે આતુર છું. ઓસ્ટ્રિયાના ચાન્સેલર સાથે સંયુક્તપણે હું પારસ્પરિક લાભદાયક વેપાર અને રોકાણની તકોને વધારવા માટે બંને પક્ષોના વ્યાવસાયિક અગ્રણીઓ સાથે અભિપ્રાયોનું આદાન-પ્રદાન કરવા આતુર છું. હું ઓસ્ટ્રિયામાં વસતા ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરીશ, જેમને તેમની વ્યાવસાયિકતા અને આચરણ માટે ખૂબ જ માન આપવામાંઆવે છે.

પર્વતો, જંગલો, નદીઓ અને દરિયાકિનારાઓ આપણી અંદરના ઊંડાણમાં કંઈક ને કંઈક આકર્ષિત કરે છે: રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ

ભારતના રાષ્ટ્રપતિએ પુરીના સમુદ્ર તટ પર થોડો સમય વિતાવ્યો

કમલમ્ ન્યુઝ,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ વાર્ષિક રથયાત્રામાં ભાગ લીધાના એક દિવસ બાદ આજે સવારે (૮ જુલાઈ, ૨૦૨૪) પવિત્ર શહેર પુરીના સમુદ્ર તટ પર થોડો સમય વિતાવ્યો હતો. પાછળથી તેમણે પ્રકૃતિ સાથે નજીકના સંપર્કમાંહોવાના અનુભવ વિશે તેમના વિચારો લખ્યા. એક્સ પર જેલખાણ લખવામાંઆવ્યું હતું તે આ પ્રમાણે છે: "એવી કેટલીક જગ્યાઓ છે જેઆપણને જીવનના હાર્દ સાથે ગાઢ સંપર્ક માંલાવે છે અને આપણને યાદ અપાવે છે કે આપણે કુદરતનાંએક ભાગછીએ. પર્વતો, જંગલો, નદીઓ અને દરિયાકિનારાઓ આપણી અંદર ઊંડે ઊંડે કશુંક આકર્ષિત કરે છે. આજે જ્યારે હું દરિયાકિનારે ચાલતી હતી, ત્યારે મને આસપાસના વાતાવરણ સાથે તાલમેલ અનુભવાતો હતો— હળવો પવન, મોજાંઓની ગર્જના અને પાણીનો વિશાળ વિસ્તાર. આ એક ધ્યાનનો અનુભવ હતો. ગઈકાલે જ્યારે મેં મહાપ્રભુ શ્રી જગન્નાથજીના દર્શન કર્યા ત્યારે પણ મને જે ઊંડી આંતરિક શાંતિનો અનુભવ થયો હતો, તે મારા માટે લાભ્યો હતો. અને આવો અનુભવ થવામાં હું એકલી જ નથી: જ્યારે આપણે આપણાથી વધુ મોટી વસ્તુનો સામનો કરીએ છીએ, જે આપણને ટકાવી રાખે છે અને જે આપણા જીવનને અર્થપૂર્ણ બનાવેછે ત્યારે આપણે બધા તે રીતને અનુભવી શકીએ છીએ. રોજેરોજની ધમાલમાં, આપણે પ્રકૃતિ માતા સાથેનો આ સંબંધ ગુમાવીએ છીએ. માનવજાત માને છે કે તેણે પ્રકૃતિ પર પ્રભુત્વ મેળવ્યું છે અને તેનાં પોતાના ટૂંકા ગાળાના ફાયદા માટે તેનું શોષણ કરી રહ્યું છે. પરિણામસ્વરૂપે જોવાનું છે. આ ઉનાળામાં, ભારતનાં ઘણા ભાગોમાં હીટવેવની ભયાનક શ્રેણીનોસામનો કરવોપડ્યો હતો. તાજેતરના વર્ષોમાં વિશ્વ ભરમાં આત્યંતિક હવામાનની ઘટનાઓ વધુ વારંવાર બની છે. આવનારા દાયકાઓમાં પરિસ્થિતિ વધુ ખરાબ રહેવાનું અનુમાન છે. પૃથ્વીની સપાટીનો લગભગ ત્રણ-ચતુર્થાંશ વધુ હિસ્સો

મહાસાગરોનો બનેલો છે, અને ગ્લોબલ વોર્મિંગને કારણે વૈશ્વિક સમુદ્રની સપાટીમાં વધારો થઈ રહ્યોછે, જેનાકારણે દરિયાકાંઠાના વિસ્તારો ડૂબી જવાનો ભય છે. મહાસાગરો અને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની સમૃદ્ધ વિવિધતાઓ ત્યાં જીવો મળે છે, જે વિવિધ પ્રકારના પ્રદૂષણને કારણે ભારે સહનકરીછે.

સદનસીબે કુદરતના ખોળામાં રહેતા લોકોએ પરંપરાઓને ટકાવી રાખી છે, જે આપણને માર્ગ બતાવી શકે છે. ઉદાહરણ તરીકે, દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓ પક્ષ્ય અને સમુદ્રના મોજાની ભાષા જાણે છે. આપણા પૂર્વજોને અનુસરીને, તેઓ સમુદ્રને ભગવાન તરીકે પૂજે છે. હું માનું છું કે પર્યાવરણના સંરક્ષણ અને સંરક્ષણના પડકારને પહોંચી વળવા માટે બે માર્ગો છે; વધારે વ્યાપક પગલાંઓ કે જે સરકારો અને આંતરરાષ્ટ્રીયસંગઠનો તરફથી આવી શકે, અને નાના, સ્થાનિક પગલાં કે જે આપણે એક નાગરિક તરીકે લઈ શકીએ. અલબત્ત, આ બંને એકબીજાના પૂરક છે. ચાલો આપણે વધુ સારી આવતીકાલ માટે વ્યક્તિગત રીતે, સ્થાનિક રીતે- જે કરી શકીએ તે કરવાની પ્રતિજ્ઞા લઈએ. આપણે આપણા બાળકોના ઋણી છીએ. "

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના હેરિટેજ બ્રિજ-એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે રૂપિયા ૩૨.૪૦ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી

૧૩૨ વર્ષ પહેલાં નિર્માણ થયેલા ઐતિહાસિક એલિસ બ્રિજનો રાહદારીઓ ફરીથી ઉપયોગ કરી શકે તે મુજબનું પુનઃ નિર્માણ કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદના હેરિટેજ બ્રિજ એવા એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે ૩૨ કરોડ ૪૦ લાખ ૫૦ હજાર રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાયઓવર બ્રિજ ઘટકમાંથી આ રકમ ફાળવીને મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને મહત્વપૂર્ણ ભેટ આપી છે. સાબરમતી નદી ઉપર અમદાવાદ શહેરમાં આ સૌપ્રથમ બ્રિજ અંગ્રેજશાસનકાળાદરમિયાન ૧૯૨૨માં બનાવવામાં આવેલો છે. ૪૩૩.૪૧ મીટર લંબાઈ અને ૬.૨૫ મીટરની પહોળાઈનો આ એલિસ બ્રિજ, ૩૦.૯૬ મીટરના

૧૪ સ્પાન બો-સ્ટ્રીંગ ટાઈપના સ્ટીલ સ્ટ્રક્ચરમાં નિર્માણ થયેલો છે. આ ઐતિહાસિક બ્રિજનું સ્ટીલ સ્ટ્રક્ચર વેધરિંગ ઈફેક્ટના કારણે જર્જરીત અને ભયજનક થઈ જવાને કારણે આ બ્રિજ છેલ્લાં દસ વર્ષથી વપરાશ માટે સંપૂર્ણ બંધ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ હેરિટેજ બ્રિજની વિકાસત જળવાઈ રહે અને તેનું સમય અનુરૂપ રીપેરીંગ કામ અદ્યતન ટેકનોલોજીથી થાય તવા હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ફ્લાયઓવર બ્રિજ ઘટકમાંથી રકમ ફાળવાશે

કરીને આ માટે માતબર રકમ ફાળવી છે. એટલું જ નહીં, પુનઃસ્થાપન બાદ આ બ્રિજનો ઉપયોગરાહદારીઓ માટેપણ થઈ શકે તમજલોકો આહેરિટેજ બ્રિજની મુલાકાત લઈ ઐતિહાસિક સંભારણાની સ્મૃતિ સાચવી શકે તે પ્રકારની બ્રિજ રીપેરીંગ મેથડોલોજીનો ઉપયોગ કરીને સ્ટ્રક્ચર ડિઝાઈન વગેરે કરવામાં આવશે. એલિસ બ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન થવાથી સાબરમતી નદી પટમાં વિક્ટોરિયા ગાર્ડન પાસે યોજાતી પરંપરાગત રવિવારી બજારમાં આવવા-જવા આ બ્રિજનો પુનઃઉપયોગ રાહદારીઓ કરી શકશે.

અમદાવાદ મહાનગરપાલિકાએ આ સમગ્ર બાબતોને આવરી લઈને એલિસ બ્રિજ મજબૂતીકરણ તેમજ પુનઃ સ્થાપન માટે શહેરી વિકાસ વિભાગને કરેલી દરખાસ્ત મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ થતાં તેમણે આ માટે ૩૨ કરોડ ૪૦ લાખ ૫૦ હજાર રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક અનુમતિ આપીછે.

ઐતિહાસિક એલિસ બ્રિજની જે સ્ટ્રેન્થનિંગ અને રિસ્ટોરેશન કામગીરી હાથ ધરવાની છે, તેમાં મુખ્ય ટ્રસના જોઈન્ટ્સ રીપેરીંગ, બોટમ ગર્ડર, બોટમ સ્ટ્રીન્જર્સ તેમજ બોટમ જોઈન્ટ્સબદલવામાંઆવ્યો, નવી બેરિંગ્સ ઈન્સ્ટોલેશન, કોમ્પોઝિટ પિયરસ્ટ્રક્ચર વગેરેના લેસિંગતથા બ્રેસિંગ જરૂરિયાત મુજબ બદલવાનો સમાવેશ કરાશે. આ ઉપરાંત હ્યાતપિયરને કોરોઝનથી બચાવવા એન્ટીકોરોઝન ટ્રીટમેન્ટ, જર્જરીત થઈ ગયેલા બોટમ ડેક સ્લેબને દૂર કરી નવા કરવાની કામગીરી પણ હાથ ધરાશે.

નાયબ મુખ્ય દંડક શ્રી વેકરીયા, સાંસદ શ્રી ભરતભાઈ તથા ધારાસભ્ય શ્રી કસવાલાની ઉપસ્થિતીમાં રૂા.૧.૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ જીરા પ્રા.આરોગ્ય કેન્દ્રનું થયુ લોકાર્પણ તથા વૃક્ષારોપણ

પ્રકૃતીને બચાવવા વૃક્ષા રોપણ અને જતન, પાણીને બચાવવા જળ સંચય અને માનવ આરોગ્યને બચાવવા પ્રાકૃતીક ખેતીના ધારાસભ્યના વિચારને સુરત સ્થિત વતન પ્રેમીઓએ ગામમા શરૂઆત કરવા આપી હૈયા ધારણા

કમલમ્ ન્યુઝ,

સાવરકુંડલાતાલુકાના જીરા ગામે જીરા જન જાગૃતી સંઘ સુરત અને જીરા ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે આયોજીત ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવનિર્મીત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ તથા વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાઈ ગયેલ હતો આલોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કેશીભાઈ વેકરીયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા તથા આ વિસ્તારના લોક પ્રિય ધારાસભ્યશ્રી મહેશ કસવાલાની વિશેષ ઉપસ્થીતીમાં લોકાર્પણ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ થયેલ હતો જેમાં,

જીરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂા.૧.૨૫ કરોડના ખર્ચે થયેલ છે આ સાથે આ આરોગ્ય કેન્દ્ર બનવાથી આજુબાજુના ગામોને સત્વરે જરૂરી સુવિધાઓ મળી રહેશે. ત્યાર બાદ જીરા ગામના

સુરતથી પધારેલા ગામના આગેવાનોનો પણ શ્રી કસવાલાએ બિરદાવ્યા હતા અને સાથો સાથ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ કરાયોહતો વધુમાં જીરા ગામ શ્રી રામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીત શ્રી સરદાર પટેલ માધ્યમિક શાળાના બાળકોનો ત્રિવીધ કાર્યક્રમમાં પણ હાજરી આપીહતી અને બાળકોને સ્કુલ ડ્રેસનું વિતરણ કરાયુહતુ. આ સાથે સાંસદશ્રીભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના પ્રવચનમાં આજના તાપમાનને લઈને વૃક્ષારોપણ અનિવાર્ય છે અને વધુને વધુ વૃક્ષા વાવીને ગામડાને ગોકુળીયુ બનાવવાના જીરાગામનુ અનુકરણ અન્ય ગામો પણ કરે તેવી અભિલાષા વ્યકત કરીહતી જયારે ધારાસભ્ય શ્રી કસવાલાએ ગામડાને ગોકુળીયુ બનાવવા માટે સરકાર શ્રી માંથી જે પણ સહાય જોઈએતે માટે સરકારશ્રી કટીબધ્ધ છે

અને ગામડુવિકાસની તરફ હરણફાળ ભરે તેવા જીરા ગામના સુંદર પ્રયત્નોને ધારાસભ્યશ્રી દ્વારા વધાવવામાં આવેલ હતુ જયારે વિધાન સભાના નાયબ દંડક શ્રી વેકરીયા દ્વારા અમરેલી જીલ્લાને જીરા ગામ આખા જીલ્લામાં કરેલી નવતર પહેલને બિરદાવીને સુરત સ્થિત દાતાઓના સહયોગથી ભાંગી પડતા ગામડાઓને નવીનીકરણ કરીનેઆગવી ઓળખ ઉભુ કરવાનીપહેલ જીરા ગામે કરી છે.

આ સમગ્ર કાર્યક્રમમાં જીલ્લા આરોગ્ય સમિતીના ચેરમેનશ્રીઅશ્વીનભાઈ કુંજડીયા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા, સરપંચ એસોસીએશનના પ્રમુખશ્રી હિતેશભાઈ ખાત્રાણી, બાબુલાલ ડી.જીરાવાળા, હિંમતભાઈ દેસાઈ, સરપંચશ્રી દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, પરેશભાઈ ડોબરીયા, નરેશભાઈ સતાણી, ખોડાભાઈ શેખડા, અનિતાબેન લલીતભાઈ બાળધા, રસીકભાઈ ચાંદ્રગઢીયા, અશોકભાઈ ચોડવડીયા, વિઠ્ઠલભાઈ વાડદોરીયા, કાનજીભાઈ કોલડીયા, હસમુખભાઈ દેસાઈ, ભાવેશભાઈ સાવલીયા, ચિમનલાલ શેખડા, સુરેશભાઈ સાવજ, મહેશભાઈ ભાલાળા, સતિષભાઈ મહેતા, જયેશભાઈ મહેતાતથા આરોગ્યના અધીકારીશ્રીઓ, ટી.ડી.ઓશ્રીઓ અને મોટી સંખ્યા માં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમ સત્વ ''અરૂલધારા'' કાર્યાલય ના ઈન્ચાર્જ શ્રી જે.પી.હિરપરાએ અખબારી યાદીમાંજણાવ્યુ છે.

તંત્રી સ્થાનેથી......

વ્હાઈટ ગુડસ(એસી અને એલઈડી લાઈટ્સ) માટેની પીએલઆઈ યોજના માટેનીએપ્લિકેશન વિન્ડોઆ યોજનાહેઠળ વધુરોકાણ કરવાની ઉદ્યોગની આવશ્યકતાને આધારે ફરીથી ખોલવામાં આવી રહી છે, જે પીએલઆઈડબલ્યુજી યોજના હેઠળ ભારતમાં એસી અને એલઈડી લાઈટ્સના મુખ્ય ઘટકોના ઉત્પાદનને કારણે વધતા જતા બજાર અને વિશ્વાસનું પરિણામ છે. અરજી માટે વિન્ડો ૧૬.૦૪.૨૦૨૧ના રોજ અધિસૂચિત પીએલઆઈડબલ્યુજીયોજના અને ૦૪.૦૬.૨૦૨૧ના રોજ જારી કરાયેલી પીએલઆઈડબલ્યુજી યોજના માર્ગદર્શિકામાં નિર્ધારિત સમાન નિયમો અને શરતો પર ખોલવામાં આવીરહી છે, જેમાં સમયાંતરે સુધારા કરવામાંઆવ્યા છે. આયોજના માટે અરજી કરવાનીવિન્ડો ૧૫ જુલાઈ, ૨૦૨૪થી ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ (સહિત) સુધીનાં સમયગાળા માટે એ જ ઓન-લાઈન પોર્ટલ પર ખુલ્લી રહેશે, જેમાં https://pliwhitegoods.ifciltd.com/ સ્વરૂપેયુઆરએલ હશે. અરજી બારીબંધ થયાપછી કોઈપણ અરજીસ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ પ્રકારનાભેદભાવને ટાળવામાટે નવાઅરજદારો તેમજ પીએલઆઈડબલ્યુજીના વર્તમાન લાભાર્થીઓ કે જેઓ ઉચ્ચ લક્ષિત સેગમેન્ટ અથવાવિવિધ લક્ષિતસેગમેન્ટ હેઠળ અરજી કરતીતેમની જૂથ કંપનીઓ તરફ વળીને વધુ રોકાણ કરવાની દરખાસ્ત કરે છે, તેઓ આ યોજના માર્ગદર્શિકાનાપેરા ૫.૬માંઉલ્લેખિત લાયકાતનીશરતોને પરિપૂર્ણ કરવાને આધિન રહીને અને યોજના માર્ગદર્શિકાનાપરિશિષ્ટ-૧ અથવા પરિશિષ્ટ-૧એમાં ઉલ્લેખકર્યા મુજબ રોકાણના સમયપત્રકનુંપાલન કરીને અરજી કરવા માટે પાત્ર બનશે. લાગુ પડે છે. કોન્સોલિડેટેડ સ્કીમના માર્ગદર્શિકા https://pliwhitegoods.ifciltd.com/y™u https://dpiit.gov.in/sites/default/files/Consolidated_Guidelines_PLIScheme_23October2023.pdf પર ઉપલબ્ધ છે. પીએલઆઈડબલ્યુજીસ્કીમના પેરા ૬.૪ અને સ્કીમ માર્ગદર્શિકાનાપેરા ૯.૨નાસંદર્ભમાં, અરજદારોનેયોજનાના બાકીના કાર્યકાળ માટે જ પ્રોત્સાહનો મળવાપાત્ર રહેશે. સૂચિત ત્રીજા રાઉન્ડમાં મંજૂર કરાયેલ અરજદાર માત્ર નવા અરજદારો અને હાલના લાભાર્થીઓના કિસ્સામાં જ મહત્તમ ત્રણ વર્ષ માટે પીએલઆઈ માટે પાત્ર રહેશે, જે માર્ચ ૨૦૨૩ સુધીના રોકાણના સમયગાળાનો વિકલ્પ પસંદ કરે છે, જે ઉચ્ચરોકાણ કેટેગરીમાંજવા માંગે છે. પ્રસ્તાવિત ત્રીજા રાઉન્ડમાં ઉચ્ચ રોકાણની કેટેગરીમાંજવા ઈચ્છતાવર્તમાન લાભાર્થીઓ માટે માર્ચ, ૨૦૨૨ સુધી રોકાણનો વિકલ્પ પસંદ કરનારા લાભાર્થીઓ મહત્તમ બે વર્ષ માટે જ પીએલઆઈ માટે પાત્ર બનશે. ઉપરોક્ત વિકલ્પ પસંદ કરતાવર્તમાન લાભાર્થીઓ, જો તેઓઆપેલ વર્ષમાંથ્રેશોલ્ડ રોકાણ અથવા વેચાણપ્રાપ્ત કરવામાંસક્ષમ નહોય, તોતેઓ તેમના મૂળ રોકાણ યોજના અનુસારદાવાઓ રજૂકરવામાટેપાત્ર બનશે. જો કે, આ અનુકૂળતા યોજનાનાં સમયગાળા દરમિયાન ફક્ત એક જ વખત પ્રદાન કરવામાં આવશે. વધુમાં, વ્યવસાયમાં પ્રવાહિતા જાળવવા, વધુ સારી કાર્યકારી મૂડી વ્યવસ્થાપન અને લાભાર્થીઓની કાર્યકારી કાર્યક્ષમતાવધારવામાટે, વાર્ષિક ધોરણે દાવાઓનીપ્રક્રિયાની જગ્યાએ પીએલઆઈના ત્રિમાસિક દાવાની પ્રક્રિયાની સિસ્ટમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરોક્ત બાબતોને સ્પષ્ટ કરવા માટે યોજના માર્ગદર્શિકામાં જરૂરી સુધારાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ડાંગ જિલ્લામાં વરસાદને પગલે એક બળદ તણાયો

કેટલેક ઠેકાણે વીજ લાઇન ઉપર વૃક્ષ પડતા વીજ પુરવઠો ખોરવાયો

કમલમ્ ન્યુઝ,આહવા

વિશિષ્ટ ભૂપૃષ્ઠ ધરાવતાડાંગ જિલ્લામાંથઈ રહેલા વરસાદને પગલે, જિલ્લાના સુબીર તાલુકાનાંહિંદળાગામેએક પશુપાલકનોબળદ તણાઈ જતા મૃત્યુ પામ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા.૭/૭/૨૦૨૪ના રોજ સાંજના ૭ વાગ્યાના સુમારે, હિંદળા ગામ પાસેના ચિખલી ગામના ડેમના વહેણમાં, હિંદળાના પશુપાલકશ્રી ભાવજુભાઈરામુભાઈ ચૌધરીનો એક બળદ તણાઈ જતા મૃત્યુ નીપજયું છે. આ સાથે વીજ કંપનીના પીપલદહાડ ફીડરની વીજ લાઈન ઉપર વૃક્ષ ધરાશાઈ થતા, વીજ પ્રવાહ અવરોધાયો હતો જ્યારે મહાલની 11 KV ફીડર લાઈનઉપર પણએક વૃક્ષ ધરાશાઈ થયું હતું. તો ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે દીપદર્શન સ્કૂલ રોડ ઉપર પણ, વીજ વાયર ઉપર વૃક્ષ પડતા કેટલોક સમય વીજ પ્રવાહ બંધ કરવો પડ્યો હતો. DGVCL ના લાશ્કરોએ વરસતા વરસાદમાં વૃક્ષ હટાવવા સાથે વીજ તાર જોડવાની કામગીરી હાથ ધરી, વીજ પુરવઠો નિયમિત કર્યો હતો.

સાવરકુંડલામાં નવનિર્મિત આકાર પામતું અમૃત રેલ્વે સ્ટેશનની કરાઈ સમીક્ષા

સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ રેલ્વે સ્ટેશનની કરી મુલાકાત

સાવરકુંડલાનું અમૃત રેલ્વે સ્ટેશન બેનમૂન બને તે અંગે સતત બાજ નજર રાખતા સાંસદ અને ધારાસભ્ય

કમલમ્ ન્યુઝ,સાવરકુંડલા

સાવરકુંડલા માં નવનિર્મિત આકાર પામતુંઅમૃત રેલ્વે સ્ટેશન ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્યમહેશ કસવાળાએ કામગીરીની સમીક્ષા કરવા પહોચ્યા હતા ને રેલ્વે વિભાગના અધિકારીઓને રેલ્વેનું ગરનાળું બે ફૂટ પહોળુંકરવાઅનેશ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને સાવરકુંડલા એપીએમસી નજીકનું રેલ્વે ફાટક પર ઓવર બ્રિજ આકાર પામે તે અંગે ખાસ સૂચનાઓ સાંસદ અને ધારાસભ્ય શ્રીએ રેલ્વે વિભાગના અધિકારીઓને આપેલ હતી ને અમૃત રેલ્વે સ્ટેશન ખાતે થતી હાલની કામગીરીઓ અંગે બારીકાઈથી નિરીક્ષણ સાથેની સમીક્ષા કરીને સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ અમરેલી જિલ્લામાં એકમાત્રબનતા અમૃતરેલ્વે સ્ટેશન અંગે બહારહોર્ડિંગ અને મુસાફરો માટેના મુસાફર કક્ષ સહિત આખા રેલ્વે સ્ટેશન પર થતી કામગીરીઓ અંગે જાણકારીમેળવીહતીને જેસર રોડ જવા માટે રેલ્વે બ્રિજ નીચેના

રેલ્વેનું ગરનાળું અને રેલવેનો ઓવર બ્રિજ બને તે અંગે સાંસદ અને ધારાસભ્ય પ્રયત્નશીલ

ગરનાળા બે ફૂટ પહોળા બને તે અંગેની ખાસ રેજુઆત કરવામાં આવી હતી સાથે સાથે સાવરકુંડલા શહેર તાલુકાની જનતા માટે આશીર્વાદ રૂપ ગણાતીનિઃશુલ્ક શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને ખેડૂતોનીખેત જણસો વેચાણ માટેના એપીએમસી જવાના એકમાત્ર માર્ગ પર રેલ્વે ફાટક પર રોજબરોજનીપેસેન્જર ટ્રેઈન અને માલગાડી ટ્રેઈનથી ફાટક અવારનવાર બંધ કરવા પડતાં હોવાથી આરોગ્ય મંદિરમાં દર્દીઓને પહોચાડવા હાલાકી ના પડે તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ રેલ્વે વિભાગના ડી.એન. જોષી અને રેલ્વે વિભાગ ભાવનગર ના અધિકારીઓને સ્પેશ્યલ રેલ્વે ફાટક ઉપર બ્રિજ બની શકે તેવી ખાસ વ્યવસ્થાઓ થાયતેવી હૃદયસ્પર્શીમાંગણી કરેલ હતી જ્યારે સાંસદ બન્યા બાદ પ્રથમવાર અમૃત રેલ્વે સ્ટેશનની સમીક્ષા કરવાપહોંચેલા ભરતભાઈ સુતરીયાએ એકએક કામગીરીઓ પર સમીક્ષા કરીને જરૂરી સૂચના અને માર્ગદર્શન રેલ્વે બાબુઓને

કરોડો ના ખર્ચે બનતા અમૃત રેલ્વે સ્ટેશન અંગે જરૂરી માર્ગદર્શન આપતા રાજકીય મહાનુભાવો

આપ્યું હતુંઆઅમૃતરેલ્વે સ્ટેશન સમીક્ષામાં રેલવેના અધિકારી ડી.એન.જોશી તથા રેલવેની ભાવનગરની ટીમ દ્વારા સાંસદ અને ધારાસભ્યને સન્માનિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજુભાઈ નાગ્રેચા, અમરેલી જિલ્લાભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈપંડ્યા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, પાલિકાના પૂર્વ પ્રમુખ કેશુભાઈ વાઘેલા, નગરપાલિકાના ચેરમેનશ્રીઓ, સાવરકુંડલા યુવા પ્રમુખ હિતેશભાઈ, સાવરકુંડલા તાલુકા ભાજપ યુવા પ્રમુખ મહેશભાઈ ભાલાળા તથા અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેલ હતા તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હીરપરાએ અખબારીયાદીમાંજણાવ્યું હતું.

ડાંગ જિલ્લાના ઘોઘલીમાં ધૂંધલીનાથ મહાદેવ મંદિર ખાતે મેળો યોજાયો

કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગ જિલ્લાના ઘોઘલી ગામમાં આવેલ શ્રી ધૂંધલીનાથ મહાદેવ મંદિરખાતે ગતરવિવારના રોજ, બીલીમોરા નવનાથઆશ્રમના ગાદીપતિ શ્રી છોટેદાદાની ઉપસ્થિતિમાં મેળો યોજાયો હતો. આ મેળામાં પાંચ હજારથી વધુ ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. ડાંગ જિલ્લાના આહવા તાલુકામા સમાવિષ્ટ ઘોઘલી ગામમાં આવેલ શ્રી ધૂંધલીનાથ મહાદેવનું શિવલિંગ, કે જે ઈ.સ ૧૯૭૪ના રોજ બ્રહ્મલીન પૂજ્ય શ્રી સાનેદાદાને અહીં કોઈ શક્તિ રહેલી હોવાનું જ્ઞાત થતા, તેઓએ જમીન ખોદાવતા જ્વાળાના રૂપમાંશિવલિંગનું પ્રાગટય થયું હતું. ત્યારથી લઈને આજ દિન સુધી 'જેઠ વદ અમાસ'ના દિવસે અહીં ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. ગત રવિવારના રોજ અહિ નવનાથ આશ્રમના ગાદીપતિ શ્રી છોટેદાદાની ઉપસ્થિતિમાં આ મેળો યોજાયો હતો. જેમાં પાંચ હજારથી વધુ ભકતો હાજર રહ્યા હતા. શ્રી નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ પૂજ્ય શ્રી છોટેદાદાએ અહીં પૂજન અર્ચન કરી, ભકતોને સિધ્ધ શ્રી ધૂંધલીનાથના પરચાઓ અને સિધ્ધિનીઅલૌકિક વાતો કહી હતી. સાથેજ તેમણે રચેલ અતિ પાવનકારી ફળ અને રક્ષણ આપનાર શ્રી ધૂંધલીનાથ બોત્તેરાનું સમૂહગાન પણ કરવામાંઆવ્યું હતું. આ અવસરે શ્રી છોટેદાદાના હસ્તે ગ્રામીણ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગઆપી પરમાર્થકાર્ય કરવામાંઆવ્યું હતું.

ભુજ જિલ્લા પંચાયત ખાતે પીસી પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક મળી

પીએનડીટી ઈન્સ્પેકશન અંગે માઈક્રોપ્લાનીંગ કરી તેની અમલવારી કરવા સૂચના અપાઇ

ભુજ,

ચેરપર્સનશ્રી શ્રીમતિ રેખાબેન દવેના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભુજ ખાતે જિલ્લાકક્ષાની પીસી પીએન ડીટી એડવાઈઝરી કમિટીનીબેઠક મળી હતી. બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા સ્થળ ચકાસણી બાદ મંજુરી માટે આવેલી અરજીઓને માન્યતા આપવામાં આવીહતી. જેમાંનવા રજિસ્ટ્રેશન માટે આવેલી દિવીસા વુમન્સ હોસ્પીટલ ભુજ અને માતૃસ્પર્શ હોસ્પીટલ ભચાઉની અરજીને માન્યતા આપવામાં આવી. તેમજ રીન્યુઅલ રજિસ્ટ્રેશનની અરજી પૈકી અદાણી હોસ્પીટલ મુન્દ્રા, નીયોલાઈફ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પીટલ માંડવી, મા હોસ્પીટલ ગાંધીધામ, શ્રીજી ઈમેજીંગ સેન્ટર અંજાર અને ગુરુકૃપા ડાયગ્નોસ્ટીક સેન્ટર મુન્દ્રાને તરીકે માન્યતા આપવામાં આવી હતી. ઉપરાંત બેઠકમાં પીસી પીએનડીટી અંગે કાયદાકીય સમજ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટેના કાર્યક્રમો યોજવા, શિબિરોનું આયોજન, બેટી વધાવો અંતર્ગતશાળાઓમાં વકતૃત્વ

સ્પર્ધા કરવી, ૧ દીકરી અને ૨ દીકરીઓના વાલીઓનું સન્માન કરવુંતથા વિશ્વ વસ્તીદિન ઉજવણી હેઠળ સેમીનાર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તાલુકા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા પીએનડીટી ઈન્સ્પેકશન ૯૦દિવસ દરમિયાન થાય તે મુજબ માઈક્રોપ્લાનીંગ કરી તેની અમલવારી કરવા જણાવાયું હતું. બેઠકમાંજિલ્લાઆરોગ્ય અધિકારી આર.આર.ફુલમાલી, પીસી પીએનડીટીએડવાઈઝરીકમિટિના સભ્ય શ્રીમતિ કાન્તાબેન સોલંકી, ભુજ, અંજાર, અબડાસાના તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, ગાયનોકોલોજીસ્ટ શ્રીડો. અશરફ મેમણ તેમજ જિલ્લા પંચાયતના અન્યપીસી પીએનડીટીસ્ટાફ સભ્યો મીટીંગમાં હાજર રહ્યો હતો.

વડોદરા જિલ્લાના બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મળી એમ્બ્યુલન્સ વાન

પોઇચા(ક) અને રૂસ્તમપુરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને ઝડપી અને અસરકારક આરોગ્ય સેવાઓ મળી રહેશે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડોદરા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોનેઝડપી અને સુદ્રઢ રીતે આરોગ્ય સેવાઓ મળી રહે તેમાટે વડોદરાજિલ્લા પંચાયત દ્વારા ૧૫ નાણાં પંચના અનુદાનમાંથી બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને એમ્બ્યુલન્સ વાન અર્પણ કરવામાંઆવી છે.

જિલ્લા પંચાયત વડોદરા ખાતેથી આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહીડા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ રોહિત તથા જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મીનાક્ષી ચૌહાણની ઉપસ્થિતિમાં સાવલી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પોઈચા(ક), અને વાઘોડીયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂસ્તમપુરાને ૧૫ માં નાણાંપંચ (વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૨-૨૩) ની ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

જેને પરિણામે આ બંને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના તમામ દર્દીઓને અસરકારક આરોગ્ય સેવાઓમળી રહેશે.

રાજકોટ જિલ્લામાં ઝુનોસીસ દિવસની ઉજવણી કરાઈ

આરોગ્ય વિભાગ દ્વારા ઝુનોસીસ રોગો વિશે લોકોને જાગૃત કરાયા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટ જિલ્લામાં જિલ્લા આરોગ્ય કચેરી દ્વારા વર્લ્ડ ઝુનોસીસ દિવસની ઉજવણી કરાઈ હતી. તા ૬ જુલાઈના રોજ દર વર્ષે ભારતમાં વર્લ્ડ ઝુનોસીસ દિવસની ઉજવણી અંતર્ગત આ રોગો સાથે સંકળાયેલા જોખમો વિશે લોકજાગૃતિ કરવામાં આવે છે. વૈશ્વિક સ્તરે પ્રાણીઓ અને મનુષ્યો વચ્ચે ફેલાયેલા તમામ ચેપી રોગમાં ઝુનોસીસ રોગના પેથોજન્ય ૬૦% માટે જવાબદાર છે અને બીજા અન્ય ઉભરતા રોગોમાટે ઝુનોસીસ રોગના પેથોજન્ય ૭૫% માટે જવાબદાર છે. જાહેર આરોગ્યના મુખ્ય ઝુનોસીસ રોગ હડકવા, બ્રુસેલોસીસ, ટોકસોપ્લાઝમોસીસ, સિસ્ટીસરકોસીસ, ઈચીનોકોસીસ, જેઇ, પ્લેગ, લેપ્ટોસ્પાયેરોસીસ, CCHF, H1N1, વેસ્ટનાઈલફીવર અને યલોફીવર જેવાનવાઉભરતા રોગોએ ઝુનોસીસ વિશે જાગૃતિ લાવવાના મહત્વ પર ભાર મુક્યો છે. રાજકોટ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓઅને નિષ્ણાંતો દ્વારા સ્કૂલોમાં બાળકોને ઝુનોસીસ રોગો વિશે માર્ગદર્શન અપાયું હતું. ઉપરાંત ગ્રામ સભાઓ યોજી, ફેમ્ફલેટ વિતરણ દ્વારા સ્થાનિક કક્ષાએઆશા બહેનોને, સેલ્ફ હેલ્પ ગ્રુપની મહિલા જુથોને તથા પશુપાલકોને માર્ગદર્શન અપાયું હતું. ઝુનોસીસદિવસની સફળતાપૂર્વક ઉજવણી માટે કલેકટરશ્રી પ્રભવ જોષી તેમજ જિલ?લા વિકાસ અધિકારીશ્રી ડો. નવનાથ ગવ્હાણેના માર્ગદર્શન હેઠળ મુખ?ય જિલ?લાઆરોગ?ય અધિકારી શ્રી ડો.પી.કે.સિંઘ અને તેમની ટીમદ્વારા ઝુનોસીસ દિવસની ઉજવણી કરી લોકોને માર્ગદર્શન અપાયું હતું.

કચ્છ જિલ્લાની વિવિધ પંચાયતોમાં રોજગાર દિવસની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લાની ૬૩ ગ્રામ પંચાયતોમા મનરેગા યોજના અંતર્ગત રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ રોજગાર દિવસનીઉજવણીમા ગ્રામજનોને મનરેગાયોજનાની માહિતી, નવા જોબકાર્ડ, નવા વ્યક્તિગત કામોની માહિતી તથા સામૂહિક કામોની માહિતી વગેરેની વિસ્તૃતમા ચર્ચા કરવામા આવી હતી. રોજગાર દિવસની ઉજવણી માટે સરપંચશ્રી, તલાટીશ્રી અને ગ્રામ રોજગાર સેવક દ્વારા ગ્રામ પંચાયત કક્ષાએ તમામ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીશ્રી અને કર્મચારીશ્રી તથા તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત પદાધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ, ગ્રામજનો હાજર રહ્યા હતા તેમ જિલ્લા ગ્રામ વિકાસએજન્સીભુજ કચ્છ દ્વારા જણાવાયું છે.

વલસાડ જિલ્લામાં પ્રથમવાર ભગવાનશ્રી જગન્નાથજીની રથયાત્રા યોગમય બની

યોગસનના રમતવીરોએ જાહેર માર્ગો પર યોગના આસનોનું નિદર્શન કરી યોગનું મહત્વ સમજાવ્યું



કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડના છીપવાડ ખાતે સ્થિત શ્રી જગન્નાથ ભગવાનની ૨૯ મી રથયાત્રામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગમય રથયાત્રાનું આયોજન થયું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીઅને ખાસ ફરજ પરના અધિકારીશ્રી વેદીના માર્ગદર્શન હેઠળ વલસાડમાં યોગમય રથયાત્રાનું આયોજન ડિસ્ટ્રીક કો-ઓર્ડીનેટર નિલેશ કોશિયા દ્વારા કરવામાં આવ્યું હતું. યોગમય રથયાત્રામાં જિલ્લાના યોગ ટ્રેનર, યોગાસનના ખેલાડી અને યોગ સાધકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

રથયાત્રાદરમિયાન યોગના આસનનું નિદર્શન કર્યું હતું. ગુજરાતમાં દરેક રથયાત્રામાં ગુજરાતરાજ્ય બોર્ડદ્વારા યોગમય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લામાં પ્રથમ વખત શ્રી જગન્નાથ ભગવાનની રથયાત્રામાં સાઉથ ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેની ઉપસ્થિતિમાં યોગ નિર્દેશન અને યોગની ઝાંખી બતાવવામાં આવી હતી.

યોગાસન રમતવીર નિશિત કોસીયા, કાજલ ગુપ્તા, સેજલ ગુપ્તા, સુહાની નાયકા, યોગ ટ્રેનર કાંતિભાઈ ઠાકોર, હેમાક્ષીબેન બાગુલકર, હંસાબેન સોલંકી, જ્યોત્સનાબેન ઝાલા, જિમ્મીબેન ટંડેલ, પ્રિયંકાબેન શોભા, અનસૂયા પટેલ, શીતલબેન ભાનુશાલી, ધારાબેન શોભા, શાંતાદાસ, મીનાબેન તોલાણી તથા યોગ સાધકોએ ખુબ જ ઉત્સાહ અને આનંદ સાથેયોગનિર્દેશનકર્યું હતું, જેને નિહાળીનેવલસાડની જનતાએ યોગમય રથયાત્રાને વધાવી સિગ્નેચર કરી શુભેચ્છા સાથે અભિનંદન આપ્યા હતા.

પી.એમ. ફેલોશિપ અંતર્ગત Ph.D વિદ્યાર્થીઓને સંશોધન પેટે મળી રહી છે રૂ. ૧૦ લાખ સુધીની સહાય

ફેલોશિપ મળતા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જર્નલ અને પ્રકાશનોમાં શોધ નિબંધ અને આર્ટિકલમાં નોંધપાત્ર વધારો

કમલમ્ ન્યુઝ,વડોદરા,

દેશની વિવિધઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ગુણવત્તાયુકત સંશોધન માટે વર્ષ ૨૦૧૮થી કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ. રીસર્ચ ફેલોશિપ યોજના અમલમાં મુકવામાં આવીછે. આ યોજનાનો લાભ મળતા દેશની વિજ્ઞાન તથા ટેક્નિકલ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સંશોધનમાં વિશ્વસનીયતા અને માન્યતાને માટે નોંધપાત્ર પ્રોત્સાહન મળી રહ્યું છે. આ હેઠળ ફેલોશિપ મેળવીને ગુજરાતના ૯૯જેટલા સંશોધકોએ ગુણવત્તાસભર સંશોધનો દેશને આપ્યા છે. વડોદરા સ્થિત એમ.એસ. યુનિવર્સીટી ઓફ બરોડામાં પીએચ.ડી માં નામાંકીત થયેલ ફેકલ્ટી ઓફ ફાર્મસી માંથી અમીબેન પટેલ અને ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને સાયકોલોજી માંથી ડૉ. હેમેન્દ્ર મિસ્ત્રી આમ બે પ્રતિભાશાળી યુવાનોને ફેલોશિપ મળતા જય વિજ્ઞાન અને જય અનુસંધાનના સંકલ્પનેખરા અર્થમાં ચરીતાર્થ કરવા જઈ રહ્યા છે. ગુજરાતની વાત કરીએ તો, પ્રધાનમંત્રી સંશોધન ફેલોશિપ યોજનાની નોડલ સંસ્થા આઈ.આઈ.ટી ગાંધીનગર ખાતે કુલ ૭૪વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. રાજયમાં હાલમાં૯૯ સંશોધક રિસર્ચફેલોશિપનો લાભ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ યોજના અન્વયે વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ અસરકારક અને કાર્યક્ષમ રીતે સંશોધન કરી શકે તે માટે રૂ. ૧૦ લાખજેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

વડોદરાના બે પ્રતિભાશાળી યુવાનો મેળવી રહ્યા છે આ યોજના અંતર્ગત ફેલોશિપ

વધુમાં ભારતની ટોચની શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે IIT, IIM, IISc, IISERs જેવી અનેક સંસ્થાઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરીરહી છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૮માં ભારતમાં જયારે પીએમ ફેલોશિપ યોજનાનીશરૂઆત થઈહતી ત્યારે સંશોધકની સંખ્યા ૪૪ હતી. જે વધીને વર્ષ ૨૦૨૩માં ૧૯૭૨ સૌથી વધુ સંશોધકએ તેનો લાભ લીધો હતો.વર્ષ ૨૦૨૪ માં ૪૮૪ સંશોધક લાભ લઈ રહ્યા છે. જેના કારણે ગુજરાતના અધ્યેતાઓમાં ફેલોશિપ મળતા સંશોધન પ્રત્યેનો વધી રહેલો ઉત્સાહ, નિષ્ઠા અને સમર્પણ સૂચવે છે. આ સાથે ફેલોશિપ મેળવતાસંશોધકોના શોધ નિબંધ,આર્ટિકલ અને આવિષ્કાર રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જર્નલ અને પ્રકાશનોમાંબહોળીસંખ્યામાં સ્થાન મેળવતાથયા છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા અમલીપીએમ રીસર્ચ ફેલોશિપ યોજના જેવી અનેક યોજનાઓ થકી રાષ્ટ્રીય પ્રાથમિકતાઓઅને સમસ્યાઓના સમાધાન પર ધ્યાન કેન્દ્રિત કરીને અત્યાધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રો માટે દેશના યુવાધનને પ્રોત્સાહિત કરીરહી છે. જે આજે હજારો યુવાનોના વૈજ્ઞાનિક અને ઉદ્યોગ સાહસિક બનવાનાસપનાને પણ સાકાર કરી રહી છે.

અમદાવાદની ઐતિહાસિક રથયાત્રા સ્વચ્છતામાં પણ આઈકોનિક બની, રથયાત્રા દરમિયાન સ્વચ્છતાના RRRનો સંદેશ અપાયો

૬ ઝોનના કુલ ૧૦૦૦થી વધુ કર્મયોગીઓની મહેનત, સ્વયંસેવકોનો સહયોગ તથા ૩૮ જેટલા મશીન અને વાહનો દ્વારા 'MEN MACHINE=BEST RESULT' સાર્થક થયું

રથયાત્રામાં દરમિયાન નાગરિકોને ડસ્ટબિન બેગનું વિતરણ, રથયાત્રા પસાર થયા બાદ અમદાવાદ મનપાના કર્મયોગીઓ અને સ્વયંસેવકોએ સફાઈ કરી રૂટને સ્વચ્છ-સુઘડ બનાવ્યો

કમલમ્ ન્યુઝ,

૭/૭/૨૦૨૪ના રોજ અષાઢી બીજે અમદાવાદની ઓળખ સમાન રથયાત્રા રંગે-ચંગે પરિપૂર્ણ થઈ. વર્ષમાં એક જ વખત ભગવાન ખુદ અમદાવાદના નગરજનોને મંદિરમાંથી બહાર નિકળી સામેચાલીને દર્શન આપવા જતા હોય છે. ત્યારે ભગવાન જગન્નાથજી, બહેનસુભદ્રાજીઅને ભાઈ બલભદ્રજીની એક ઝલકમેળવવા માટેલોકો તલપાપડ હોય છે. આસ્થા અને વ્યવસ્થાના શ્રેષ્ઠત્તમ સંગમ એવી આ રથયાત્રાશ્રદ્ધા, સલામતીઅને સુરક્ષા,આયોજન અને અમલીકરણ સહિતનીઅનેક બાબતોમાંઆઈકોનિક છે. ત્યારે આ વર્ષની રથયાત્રાથી લોકોમાં સ્વચ્છતાનો અસરકારક સંદેશ પહોંચ્યો છે. જેથી ૧૪૭મી રથયાત્રા સ્વચ્છતામાં પણ આઈકોનિક બની છે. શહેરની મુખ્ય રથયાત્રા તેમજ મેમનગર ગુરૂકુલ અને ઈસ્કોન મંદિરની રથયાત્રામાંપણ સ્વચ્છતાનુંબખૂબીપાલન એ અભ્યાસુઓ માટે કેસસ્ટડીસમાન છે.

આ રીતે થયું માઈક્રોપ્લાનિંગ

જમાલપુર ખાતેથી શરૂથયેલી રથયાત્રામાં લાખોની સંખ્યામાંનાગરિકોની હાજરીને કારણે વધુમાત્રમાં કચરાની ઉત્પન્ન થવાની શકયતાહોય છે. જેને ધ્યાનમાંરાખી આદર્શ સફાઈની કામગીરી માટે સોલિડ વેસ્ટ મેનેજમેંટ વિભાગ દ્વારાઆગોતરુંઆયોજન કરવામાંઆવ્યું હતું જેમાંત્રણેય રથ અને તેની સાથેનો તમામ કાફલો જે રસ્તાઓ પરથી પસાર થાય છે, તે સમગ્રરૂટને પાંચવિભાગોમાં વહેંચવામાં આવ્યો હતો. આ રૂટ પર ૦૬ ઝોનનાં જુદા-જુદા વોર્ડના કુલ અંદાજિત ૧૦૦૦ સફાઈ કર્મયોગીઓને રસ્તાઓની સંપૂર્ણપણે સફાઈ માટેનીકામગીરી સોંપવામાં આવી હતી. વધુમાં રથયાત્રામાં ઉપસ્થિત નાગરીકોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને રાખી કાફલામાં આવેલ ૧૦૧ ટ્રકોમાં કચરો એકત્રકરવા માટે ડસ્ટબિન બેગનુંવિતરણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવાના હેતુથી ડસ્ટબિન બેગ આપવામાં આવી હતી. તેમજ થોડા-થોડા અંતરે કચરો એકત્ર કરવા માટે ૦૮ છોટા હાથી, ૩૦ કોમ્પેક્ટર પ્રકારના વાહનો-મશીનો કાર્યરતકરવામાં આવ્યા હતા. આ ઉપરાંત૦૩ ન્યુસન્સટેકરો મારફતે રૂટનાં જાહેર શૌચાલયોની 'રાઉન્ડ ધી ક્લોક' સફાઈ કરવામાંઆવી હતી. સાથોસાથ રથયાત્રાના ભ્રમણ અને ત્રણેય રથના મંદિરમાં પુનઃઆગમન બાદ મોડી રાત સુધી સમગ્ર રૂટને સ્વચ્છ અને સુઘડ બનાવવા કામગીરી કરવામાં આવી હતી. જેના અંતે ૩૦ મેટ્રિક ટન જેટલો કચરો ઉત્પન્ન થયો હતો. જેને આગળની પ્રક્રિયા માટે મોકલી આપવામાં આવ્યો હતો.

કલાત્મકસ્વચ્છતા ટેબ્લોઅને પ્લાસ્ટિકભૂત ટોળકીએ જમાવ્યું આકર્ષણ

સામાન્ય રીતે રથયાત્રામાં અધ્યાત્મિક વિષયો, વેશભૂષા અને કલા-કારીગરી વાળાટેબ્લો જોડાતાહોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી જાગૃતતા વધારતા ટેબ્લો પણ રથયાત્રામાં સામેલ થઈ રહ્યા છે. ત્યારે વિવિધ કલાત્મક ટેબ્લોની સાથે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત સ્વચ્છતા ટેબ્લોએ આ વર્ષે આકર્ષણ જગાવ્યું હતું. આ ટેબ્લો દ્વારા લોકોને સ્વચ્છતાના ઈઈઈનો સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં દૈનિક જીવનમાં રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલનું સમીકરણ અપનાવી કચરાના ઉત્પાદનમાં ઘટાડો, ફરીથી ઉપયોગ કરવા પર ભાર અને કચરાના પ્રોસેસિંગમાં યોગદાન માટેની સુંદર સમજ નાગરિકોને આપવામાં આવી. જ્યારે સ્વચ્છતા મેસ્કોટ અને પ્લાસ્ટિક ભૂત ટોળકીએ પણ નાગરિકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

સ્વચ્છતા માટે સ્વયંસેવકો દ્વારા શ્રમદાન

આ વર્ષે રથયાત્રામાં સ્વચ્છતાનું મહત્વ સમજી યોગદાન આપવા માટે કેટલાક સ્વયંસેવકો પણ આગળ આવ્યા. જેમાં ભગવાન જગન્નાથજીના રથ ખમાસા ચાર રસ્તાથી લઈને જમાલપુર દરવાજાથી પસાર થયાં બાદ અમદાવાદ મહાનગરપાલિકા સાથે રી ફ્રીહિહ નામના ગ્રુપે સ્વચ્છતા માટે શ્રમદાન કર્યુ. જેમાં ૧૦થી વધુ લોકોએ સ્વચ્છતા સેવકતરીકે જોડાઈને નગરના નાથનીઆ અનોખી સેવા કરી હતી. યુવાનોથી લઈને વડીલો પણ આ પવિત્ર ફરજ પાલનમાં સહભાગી થયા હતા. આમ, આ વર્ષની રથયાત્રામાંભગવાનની ભક્તિ, સેવા-સમર્પણના સંદેશની સાથે સૌથી મહત્વનો એવોસ્વચ્છતા સંદેશ પણ મળ્યો છે. તો વળી સ્વચ્છતા કર્મયોગીઓને ફરજપાલનમાં જાગૃત નાગરિકોનો સથવારો મળતા તેમને પણ પ્રોત્સાહન મળ્યું છે. જ્યારે રાજ્ય સરકારના વિવિધ વિભાગો, અમદાવાદ મહાનગરપાલિકા તથા અન્ય સહયોગીઓની આયોજન કળા અને કુશળતાની પ્રતિતિ થઈ છે. જેની ચોમેર પ્રશંસા થઈરહી છે.

ખેલો ઈન્ડિયા વિમેન્સ વુશુ લીગ પટિયાલામાં નોર્ધન ઝોનલ શોડાઉન માટે તૈયાર

આયેરા ચિશ્તી અને કોમલ નગર ખેલો ઈન્ડિયા વિમેન્સ વુશુ લીગના એનએસએનઆઈએસ પટિયાલામાં ચમકશે

"ખેલો ઈન્ડિયા વિમેન્સ લીગ ઘણી છોકરીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને ભવિષ્યને જોતા અને આ માટે હું સરકારની આભારી છું": આયેરા ચિસ્તી

"ખેલો ઈન્ડિયા વિમેન્સ લીગ અમને અમારા પ્રદર્શનના મૂલ્યાંકન માટે એક સારું રમતનું મેદાન આપે છે, આપણી રમત અને તેના પર કામ કરવા માટેના ક્ષેત્રોમાં રહેલી ખામીઓને સમજો": કોમલ નાગર



મહિલાઓ માટે રમતગમત વિશે

સ્પોર્ટ્સફોર વિમેન વર્ટિકલ હેઠળ ખેલો ઈન્ડિયા વિમેન્સ લીગને બે મુખ્ય ફોર્મેટમાંવહેંચવામાં આવી છેઃ મેજર લીગઅને સિટી લીગ. આ લીગ વિવિધ શાખાઓમાં મહિલા રમતોને પ્રોત્સાહન આપવા માટેના મંચતરીકે સેવાઆપે છે. તદુપરાંત, લીગનું આયોજન ચોક્કસ વય વર્ગો અથવાવજનની કેટેગરીમાંકરવામાંઆવેછે, જે દરેક રમતની જરૂરિયાતોને અનુરૂપહોય છે. કેન્દ્રીય યુવા બાબતોઅને રમતગમત મંત્રાલય દ્વારા સમર્થિત આ અભિગમ મહિલા એથ્લેટ્સમાં વ્યાપક ભાગીદારીને પ્રોત્સાહિત કરે છેએટલું જ નહીં, પરંતુ દેશભરમાં વિવિધ કૌશલ્ય સ્તરોઅને વય જૂથોમાં પ્રતિભાની ઓળખ અને વિકાસને પણ સરળ બનાવે છે. આ માળખાગત બંધારણો મારફતે ખેલો ઈન્ડિયા પહેલનો ઉદ્દેશરમતગમતની સંસ્કૃતિને જીવંત બનાવવાનોઅને ભારતમાં મહિલા એથ્લેટ્સના વિકાસમાંસાથસહકાર આપવાનો છે.

કમલમ્ ન્યુઝ,

ખેલો ઈન્ડિયા વિમેન્સ વુશુ લીગના આગામી નોર્ધન ઝોનલ રાઉન્ડમાં નોંધપાત્રધ્યાન આકર્ષિત કરવા જઈ રહ્યું છે, જેમાં અગ્રણી આંતરરાષ્ટ્રીય એથ્લીટ્સ આયેરા ચિસ્તી અને કોમલ નાગરનો સમાવેશ થાય છે. આ સ્પર્ધા ૯ થી ૧૩ જુલાઈ દરમિયાન પટિયાલામાં નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટ્સમાં યોજાશે, જેમાં સબ-જુનિયર, જુનિયર અને સિનિયર કેટેગરીના ૩૫૦ એથ્લેટ્સની પ્રતિભા દર્શાવવામાં આવશે. એસએઆઈ પટિયાલા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હરિયાણા, પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના સહભાગીઓને આવકારતા સંદા (ફાઈટિંગ) અને તાઓલુ (સ્વરૂપો) બંનેને આવરી લેવામાંઆવશે. યુવાબાબતો અને રમતગમત મંત્રાલયનારમત ગમત વિભાગ દ્વારા વુશુ ફેડરેશન ઓફ ઈન્ડિયાદ્વારાઆયોજિત ૭.૨ લાખ રૂપિયાની ઈનામી રકમ સ્પર્ધાને ભંડોળ પૂરું પાડે છે. સબ જુનિયર, જુનિયર અનેસિનિયર ઈવેન્ટ્સના ટોચના આઠ વુશુ એથ્લીટ્સને રોકડ પ્રોત્સાહન મળશે. કર્ણાટકમાં ગયા મહિને યોજાયેલી સફળ સાઉથ ઝોનલ ઈવેન્ટ બાદ નોર્થ ઝોનલ મીટ લીગના કેલેન્ડરમાં આગામી તબક્કાનીનિશાની છે. ચાર ઝોનલ મીટ બાદ નેશનલ રેંકિંગ ચેમ્પિયનશીપનુંઆયોજન કરવામાં આવશે. મહિલા વુશુ લીગ આંતરરાષ્ટ્રીય પદક વિજેતા આયેરા (૧૮ વર્ષ) અને કોમલ (૧૯ વર્ષ)ની જેમ તેને મોટું બનાવવા ઈચ્છુક અનેક ખેલાડીઓનેતક પૂરી પાડશે, જેઓ એનએસએનઆઈએસ પટિયાલા સેન્ટરમાંતાલીમ લેછે. ૨૦૨૨માં આ સ્પર્ધામાં ડેબ્યૂ કરનારી આયેરાએ જણાવ્યુંહતું કે,"હું મારી ત્રીજી ખેલો ઈન્ડિયા મહિલા વુશુ લીગમાંઅહીં મારા હોમ ગ્રાઉન્ડમાં રમવા માટે ખૂબ જ ઉત્સાહિત છું, જેણે છેલ્લી બે ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો છે." "ખેલો ઈન્ડિયા મહિલા લીગઘણી છોકરીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસકરીને ભવિષ્યને જોતા અને આ માટે હું સરકારનો આભારી છું. મારી વાત કરું તો, હું એશિયન ગેમ્સમાં ૫૨ કિગ્રા વર્ગમાં ગોલ્ડ મેડલ જીતવા માંગુ છુંઅને આવજન વિભાગમાં ભારત માટે આ સિદ્ધિ મેળવનાર પ્રથમ મહિલા બનવા માંગુ છું. તે પહેલા, હું આસપ્ટેમ્બરમાં ચીનમાં યોજાનારી સિનિયર એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ માટે લક્ષ્ય રાખુંછું, "આયેરાએ ઉમેર્યું. જમ્મુ-કાશ્મીરની આયેરા ચિશ્તી ખેલો ઈન્ડિયા વિમેન્સવુશુ લીગમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીતવાની તૈયારીમાંછે. જમ્મુઅને કાશ્મીરની આયેરા, જે વરિષ્ઠ ૫૨ કિગ્રા સાંડા વર્ગમાં ભાગ લેશે, તેણે ૨૦૨૨માં ઈન્ડોનેશિયામાં જુનિયર વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણે ૨૦૨૨માં જ્યોર્જિયામાં ઈન્ટરનેશનલ વુશુ ચેમ્પિયનશિપ અને ૨૦૨૪માં રશિયન મોસ્કો સ્ટાર્સ વુશુ ઈન્ટરનેશનલચેમ્પિયનશિપમાંપણ ગોલ્ડ જીત્યો હતો. સાંડામાં રશિયન મોસ્કો સ્ટાર્સ વુશુ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ વિજેતા ચંદીગઢની કોમલે જણાવ્યું હતું કે, "કેલેન્ડર વર્ષમાં નાગરિકો ઉપરાંત વધુ એક ટૂર્નામેન્ટ રમવાની તક મળવી, અમારો આત્મવિશ્વાસ વધારે છે." "ખેલો ઈન્ડિયા વિમેન્સ લીગ અમને અમારા પ્રદર્શનના મૂલ્યાંકન માટે એક સારું રમતનું મેદાન આપેછે, અમારીરમત અને કામ કરવાના ક્ષેત્રોમાં રહેલી ખામીઓને સમજે છે," કોમલે જણાવ્યું હતું, જેણે ૧૪વર્ષની હતી ત્યારે સ્વ-સંરક્ષણ તકનીકો શીખવાનું શરૂ કર્યું હતું. રશિયન મોસ્કો સ્ટાર્સ વુશુ આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ચંદીગઢની કોમલતેના ગોલ્ડ મેડલ સાથે

ભારતમાં રોજગાર પર સિટીગ્રુપના સંશોધન અહેવાલનું ખંડન

સિટીગ્રુપ રિપોર્ટ સકારાત્મક વલણો અને સત્તાવાર સ્ત્રોતોમાંથી વ્યાપક ડેટાને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ

કમલમ્ ન્યુઝ,

સિટીગ્રુપ ઑન એમ્પ્લોયમેન્ટ ઈન ઈન્ડિયાનો તાજેતરનો સંશોધન અહેવાલ કેટલાક પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ટાંકવામાં આવ્યો છે, જે આગાહી કરે છે કે ભારત ૭% વૃદ્ધિ દર સાથે પણ રોજગારની પૂરતી તકો ઊભી કરવા માટે સંઘર્ષ કરશે, ઉપલબ્ધવ્યાપક અનેહકારાત્મક રોજગાર ડેટાને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. સત્તાવાર સ્ત્રોતોમાંથી જેમ કે સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) અને ભારતીય રિઝર્વ બેંકના KLEMS ડેટા. તેથી, શ્રમ અને રોજગાર મંત્રાલય આવા અહેવાલોને સખત રીતે રદિયો આપે છે જે જાહેર ડોમેનમાં ઉપલબ્ધ તમામ સત્તાવાર ડેટા સ્ત્રોતોનું વિશ્લેષણ કરતા નથી.

ભારત માટે રોજગારીના આંકડા

પીએલએફએસ અને આરબીઆઈના કેએલઈએમએસના ડેટા અનુસાર, ભારતે ૨૦૧૭-૧૮થી ૨૦૨૧-૨૨ સુધીમાં ૮ કરોડ (૮૦ મિલિયન) થી વધુ રોજગારની તકો ઉભી કરી છે. આનો અર્થ એ થાય છે કે ૨૦૨૦-૨૧ દરમિયાનવિશ્વના અર્થતંત્રને કોવિડ-૧૯ રોગચાળાનો ફટકો પડ્યો હતો તે હકીકત હોવા છતાં, દર વર્ષે સરેરાશ ૨ કરોડ (૨૦ મિલિયન) થી વધુ રોજગારી મળેછે, જે સિટીગ્રુપના પૂરતા રોજગાર પેદા કરવામાં ભારતની અસમર્થતાના દાવાથી વિરોધાભાસી છે. આ નોંધપાત્ર રોજગાર નિર્માણ વિવિધ ક્ષેત્રોમાં રોજગારને વેગ આપવાના હેતુથી વિવિધ સરકારી પહેલની અસરકારકતા દર્શાવે છે.

PLFS ડેટા

પીએલએફએસનો વાર્ષિક અહેવાલ શ્રમબજારનાં સૂચકાંકોમાં સુધારાનાં વલણને દર્શાવે છેઃ (૧) શ્રમ બળની ભાગીદારીનો દર (એલએફપીઆર), (૨) કામદાર વસતિનો રેશિયો (ડબલ્યુપીઆર) અને (૩) વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૫ વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓ માટે બેરોજગારી દર (યુઆર). દાખલા તરીકે ડબલ્યુપીઆર એટલે કે રોજગાર ૨૦૧૭-૧૮માં ૪૬.૮ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૫૬ ટકા થયો છે. એ જ રીતે દેશમાં શ્રમબળની ભાગીદારી પણ ૨૦૧૭-૧૮માં ૪૯.૮ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૫૭.૯ ટકા થઈ ગઈ છે. બેરોજગારીનો દર ૨૦૧૭-૧૮માં ૬.૦ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૩.૨ ટકાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. પીએલએફએસના ડેટા દર્શાવે છે કે, છેલ્લા ૫ વર્ષ દરમિયાન, શ્રમબળમાં જોડાનારા લોકોની સંખ્યાની તુલનામાં વધુ રોજગારની તકો ઉભી થઈ છે, જેના પરિણામે બેરોજગારીના દરમાં સતત ઘટાડો થયો છે. રોજગાર પર સરકારી નીતિઓની સકારાત્મક અસરનું આ સ્પષ્ટ સૂચક છે. આ અહેવાલથી વિપરીત, જે રોજગારીની વિકટ પરિસ્થિતિ સૂચવે છે, સત્તાવાર ડેટા ભારતીય રોજગાર બજારનું વધુ આશાવાદી ચિત્ર દર્શાવે છે.

ઈપીએફઓ ડેટા

ઔપચારિક ક્ષેત્રની રોજગારીના આંકડાઓને પણ વેપાર-વાણિજ્ય કરવામાં સરળતામાં સુધારો કરવા, કૌશલ્ય વિકાસમાં વધારો કરવા અને જાહેર અને ખાનગી એમ બંને ક્ષેત્રોમાં રોજગારીના સર્જન માટે પ્રોત્સાહનો પ્રદાન કરવાના સરકારના પ્રયાસોથી બળ મળી રહ્યું છે. ઈપીએફઓના ડેટા સૂચવે છે કે વધુને વધુ કામદારો ઔપચારિક નોકરીમાં જોડાઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૧.૩ કરોડથી વધુ સબસ્ક્રાઈબર્સ ઈપીએફઓમાં જોડાયા હતા, જે ૨૦૧૮-૧૯ દરમિયાન ઈપીએફઓમાં સામેલ થયેલા ૬૧.૧૨ લાખની તુલનામાં બમણાથી વધુ છે. એટલું જ નહીં, છેલ્લા સાડા છ વર્ષ (સપ્ટેમ્બર, ૨૦૧૭થી માર્ચ, ૨૦૨૪ સુધી) દરમિયાન ૬.૨ કરોડથી વધુ ચોખ્ખા ગ્રાહકો ઈપીએફઓમાં જોડાયા છે.

એનપીએસના નવા સબસ્ક્રાઈબર્સ

નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)ના ડેટા સૂચવે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો હેઠળ ૨૦૨૩-૨૪ દરમિયાન ૭.૭૫ લાખથી વધુ નવા ગ્રાહકો એનપીએસમાં જોડાયા છે, જે ૨૦૨૨-૨૩ દરમિયાન સરકારી ક્ષેત્ર હેઠળ એનપીએસમાં જોડાનારા ૫.૯૪ લાખથી વધુ નવા ગ્રાહકોના ૩૦ ટકાથી વધુ છે. નવા સબસ્ક્રાઈબર્સમાં આ નોંધપાત્ર વધારો જાહેર ક્ષેત્રમાં ખાલી પડેલી જગ્યાઓને સમયસર ભરવા માટે સરકારના સક્રિય પગલાંને પ્રકાશિત કરે છે.

ફ્લેક્સી-સ્ટાફિંગ સેક્ટર

ઈન્ડિયન સ્ટાફિંગ ફેડરેશન (આઈએસએફ)ના સભ્યોની શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ સાથેની તાજેતરની વાતચીતમાં આઈએસએફના સભ્યોએ માહિતી આપી હતી કે તેઓ આશરે ૫.૪ મિલિયન ઔપચારિક કોન્ટ્રાક્ટ કામદારોને રોજગારી આપી રહ્યા છે. પ્રતિભાઓની અછત અને શ્રમિકોની અવરજવરને કારણે ઉત્પાદન, રિટેલ, બેંકિંગ ક્ષેત્રે આ ક્ષેત્રની લગભગ ૩૦ ટકા માગ અગ્રિમહરોળપર અધૂરી છે.

ઘણી નવી તકો

ભારતમાં રોજગાર બજારની ભવિષ્યની સંભાવનાઓ ખૂબ જ પ્રોત્સાહક છે, જેનો પુરાવો વિવિધ સ્ત્રોતોના ડેટા દ્વારા મળે છે. ભારતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી)માં તાજેતરના વર્ષોમાં નોંધપાત્રવૃદ્ધિ જોવા મળી છે. ગિગ ઈકોનોમી પણ દેશમાં કર્મચારીઓમાં નોંધપાત્ર વધારો કરવાનું વચન આપે છે. ઉલ્લેખનીય છે કે, ગિગ ઈકોનોમી અંગેના નીતિ આયોગના અહેવાલમાં પ્લેટફોર્મ વર્કર્સમાં નોંધપાત્ર વધારો થવાનો અંદાજ છે, જે ૨૦૨૯-૩૦ સુધીમાં ૨.૩૫ કરોડ (૨૩.૫ મિલિયન) સુધી પહોંચવાની ધારણા છે, જે ગિગ અર્થતંત્રના ઝડપી વિસ્તરણને રેખાંકિત કરે છે. ગિગ (હંગામી) કામદારો ૨૦૨૯-૩૦ સુધીમાં બિન-કૃષિ કાર્યબળના ૬.૭ ટકા અથવા ભારતમાં કુલ આજીવિકાના ૪.૧ ટકા હિસ્સો ધરાવે તેવી અપેક્ષા છે. આ વિકાસ સામૂહિક રીતે ભારતના મજબૂત આર્થિક માર્ગ અને રોજગારીની વિવિધ તકોનું સર્જન કરવાની તેની સંભવિતતાને પ્રતિબિંબિત કરે છે.

માહિતીની વિશ્વસનીયતા

તે જાણીતું છે કે ખાનગી ડેટા સ્ત્રોતો, જેને અહેવાલ / મીડિયા વધુ વિશ્વસનીય તરીકે સંદર્ભિત કરે છે, તેમાં ઘણી ખામીઓ છે. આ સર્વેક્ષણો રોજગારની તેમની પોતાની તારવાયેલી વ્યાખ્યાનો ઉપયોગ કરે છે - બેરોજગારી જે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે સુસંગત નથી. નમૂના વિતરણ અને પદ્ધતિની ઘણી વાર પીએલએફએસ જેવા સત્તાવાર ડેટા સ્ત્રોતો જેટલા મજબૂત અથવા પ્રતિનિધિન હોવાબદલ ટીકા કરવામાં આવે છે. તેથી, સત્તાવાર આંકડાઓ પર આવા ખાનગી ડેટા સ્ત્રોતો પર નિર્ભરતા ગેરમાર્ગે દોરતા નિષ્કર્ષ તરફ દોરી શકે છે અને તેથી, સાવચેતી સાથે તેનો ઉપયોગ કરવો જોઈએ. વધુમાં, કેટલાક લેખકો ડેટાનો પસંદગીયુક્ત રીતે ઉપયોગ કરે છે જે તેમના વિશ્લેષણની વિશ્વસનીયતાને નબળી પાડે છે અને ભારતમાં રોજગારના દૃશ્યનું સચોટ ચિત્ર રજૂ કરતું નથી. આવા અહેવાલો સત્તાવાર સ્ત્રોતોના સકારાત્મક વલણો અને વ્યાપક ડેટાને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે.

સારાંશ

પીએલએફએસ, આરબીઆઈ, ઈપીએફઓ વગેરે જેવા સત્તાવાર ડેટા સ્ત્રોતો શ્રમ બજારનાં મુખ્ય માપદંડોમાં સતત સુધારો દર્શાવે છે, જેમાં લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (એલએફપીઆર) અને વર્કર્સ પોપ્યુલેશન રેશિયો (ડબલ્યુપીઆર)માં વધારો અને છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન બેરોજગારીનો દર ઘટ્યો છે. ઈપીએફઓ અને એનપીએસ ડેટા રોજગારના સકારાત્મક વલણને વધુ ટેકો આપે છે. ઉત્પાદન, સેવા ક્ષેત્રનું વિસ્તરણ, માળખાગત વિકાસ, અન્ય ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં વલણો, જેમાં ગિગ અને પ્લેટફોર્મ ઈકોનોમી અને જીસીસી જેવા બહુવિધ ક્ષેત્રોમાં ઉભરતી તકો સામેલ છે, જે ભવિષ્યની મજબૂત સંભાવનાઓ સૂચવે છે. શ્રમ અને રોજગાર મંત્રાલય સત્તાવાર ડેટાની વિશ્વસનીયતા અને વ્યાપકતા પર ભાર મૂકે છે, જેમાં ખાનગી ડેટા સ્ત્રોતોના પસંદગીના ઉપયોગ સામે ચેતવણી આપવામાં આવીછે, જે ભારતની રોજગારીની સ્થિતિ વિશે ગેરમાર્ગે દોરનારા તારણો તરફ દોરી શકે છે. સરકાર મજબૂત અને સર્વસમાવેશક રોજગારીનું બજાર ઊભું કરવા માટે કટિબદ્ધ છે અને તેના પુરાવા સૂચવે છે કે આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ રહી છે.

મોરબીમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત પ્રાકૃતિક ખેતી પર તાલીમ યોજાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબી જિલ્લામાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવાના હેતુથી તેમજ મોરબી જિલ્લામાંવધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે હળવદ તાલુકાના સુંદરીભવાની ખાતે પ્રાકૃતિક કૃષિલક્ષી તાલીમ યોજવામાં આવી હતી.

આ તાલીમમાં મોરબી જિલ્લાના સંયોજકશ્રી દાજીભાઈ દલુભાઈ દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષે ખેડૂતોને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના ફાયદાનો વિષે ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિ ગાય આધારિત ખેતી હોવાથી ખેડૂતો ગાયનું પાલન પોષણ કરી શકે છે, સાથેઆપણા પરિવારને ગાયનું દૂધ મળેછે. ગૌમૂત્રનોઉપયોગ પ્રાકૃતિક કૃષિમાં કરીને ખેતીના ખર્ચની પણ ઘણી બચત કરી શકાય છે. જિલ્લા સંયોજક શ્રી દાજીભાઈ દલુભાઈ દ્વારા પ્રાકૃતિક કૃષિનાં મુખ્ય તમામ આયામો સહિતની ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટના આસી. ટેકનોલોજી મેનેજર શ્રી ચમન ઝાલાએ સૌ ખેડૂત મિત્રો તેમજ જિલ્લા સંયોજકનોઆભાર વ્યકત કર્યોહતો.

સાપુતારા ઘાટમાં થયેલા બસ અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરોની મુલાકાત લેતા ડાંગ કલેકટર તથા નાયબ મુખ્ય દંડક શ્રી

ઇજાગ્રસ્તો, પરિવારજનો અને મુસાફરોને સધિયારો આપતા ત્વરિત સારવાર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

કમલમ્ ન્યુઝ,આહવા

ગત રવિવારની સાંજે ૧૭:૪૦ વાગ્યે ગિરિમ્થક સાપુતારાના માલેગામ પાસેના ઘાટમાર્ગમાં સુરતનીપ્રવાસી બસને નડેલા અકસ્માતમાં, ઈજાગ્રસ્ત મુસાફરો તથા તેમના પરિવારજનોનું ડાંગના ઈ.ચા. કલેકટર શ્રી બી.બી.ચૌધરી તથા નાયબ મુખ્ય દંડક શ્રીવિજયભાઈ પટેલેરૂબરૂ મળીસધિયારો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સુરતથી સાપુતારા સહેલગાહે આવેલી ખાનગીલકઝરી બસનંબર **GJ-05-BT-9393** માં ૬૫ વ્યક્તિઓ સવાર હતા. જે પૈકી અકસ્માતમાંએક ૭વર્ષની બાળકી અને ૩વર્ષના બાળકનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે ૨૬ જેટલા ઈજાગ્રસ્તોને પ્રથમ નજીકની શામગહાન CHC ખાતે સારવાર અર્થે દાખલ કરાયા હતા. જે પૈકી એક ૫૦ વર્ષિય પુરુષ અને ૪૨ વર્ષિય ઈજાગ્રસ્તમહિલાને આહવા સિવિલ અને ત્યાંથી સુરત સિવિલ ખાતે રિફર કરાયા હતા. તો ત્રણ સ્ત્રી અને એક પુરુષને શામગહાનથી સીધા સુરત સિવિલ ખાતે રિફર કરાયા હતા. આ દરમિયાન આ લખાઈ રહ્યું છે ત્યારે, એટલે કે આજે બપોરે ૧૨ વાગ્યાના સુમારે ૧૯ જેટલા ઈજાગ્રસ્ત મુસાફરો શામગહાન ખાતે સારવાર મેળવી રહયા છે. અકસ્માતનીજાણ થતાં જ જિલ્લા વહીવટી તંત્ર, પોલીસના જવાનો વિગેરેએ સ્થાનિક ગ્રામજનોની મદદથી તમામ મુસાફરોને સલામત રીતે બસમાંથી બહાર કાઢી, ૧૦૮ મારફત શામગહાન સ્થિતસામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોચાડ્યા હતા. ઈ.ચા. કલેકટર શ્રી બી. બી.ચૌધરી તથા ડાંગના ધારાસભ્ય-વ-વિધાન સભાના નાયબ મુખ્ય દંડક શ્રીવિજય ભાઈ પટેલે,ઈજાગ્રસ્તોની સ્થળ ઉપર જઈ જાત મુલાકાત લીધી હતી. વરિષ્ઠ અધિકારી તથા રાજ્ય સરકારના જન પ્રતિનિધિશ્રીએ તમામ મુસાફરો, ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનોને સધિયારો આપી, ઉત્કૃસ્ટ સેવા સુવિધા પૂરી પાડવાની રાજ્ય સરકારનીપ્રતિબદ્ધતા વ્યકત કરીહતી.

અનધિકૃત વ્યાજખોર પોલીસ કાર્યવાહીથી બચે નહિ અને કોઈ નિર્દોષ સામે ખોટો કેસ ન થાય તેની ખાસ તકેદારી સાથે કાર્યવાહી કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની સૂચના

તા.૨૧મી જુનથી અત્યાર સુધીમાં રાજ્યભરમાં યોજાયેલા ૫૬૮ લોકદરબારમાં ૩૨ હજારથી વધુ નાગરિકો જોડાયા

વ્યાજના વિષચક્રમાંથી નાગરિકોને મુક્ત કરવા રાજ્ય સરકારની ખાસ ડ્રાઇવ વ્યાજખોરો પર લગામ કસવા ગુજરાત પોલીસની કડક કાર્યવાહીઃ સ્પેશિયલ ડ્રાઇવમાં ૨૨૬ વ્યાજખોરો સામે ૧૩૪ એફ.આઇ.આર દાખલ

કમલમ્ ન્યુઝ,

વ્યાજખોરો અને તેના વિષચક્રમાં ફસાઈ ચૂકેલા સામાન્ય નાગરિકોને આ ચુંગાલમાંથી મુક્ત કરાવવા રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત પોલીસ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૪થી રાજ્ય ભર માં તમામ શહેર/જીલ્લા ખાતે નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અંગેખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે . તા.૩૧/૦૭/૨૦૨૪ સુધી ચાલનાર આ ડ્રાઈવ અંતર્ગત તમામ જિલ્લાઓમાં ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ દ્વારા લોક દરબાર યોજી તલસ્પર્શી તપાસ સાથે કડક કાર્યવાહીશરૂ કરી દેવામાં આવી છે. રાજ્યભરમાંવ્યાજખોરો વિરુદ્ધ ચાલી રહેલી આ સ્પેશિયલ ડ્રાઈવમાં અત્યાર સુધીમાં ૧૩૪ એફ.આઈ.આર દાખલ કરવામાંઆવીછે. જેમાં૨૨૬ આરોપીઓ સામે ગુનાઓ દાખલ થયા છે. પોલીસે શરૂ કરેલી કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બરબાદ થતાં થતાં બચ્યાંછે તોઅનેકને પોતાની ફસાઈ ચૂકેલી જીવનભરની મૂડીપરત મળીછે. અનધિકૃત એકપણ વ્યાજખોર પોલીસની કડક કાર્યવાહીથી બચે નહિ અને કોઈ નિર્દોષ વ્યક્તિ સામે ખોટો કેસ ન થઈ જાય તેની ખાસ તકેદારી સાથે સમગ્ર કાર્યવાહી કરવા મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલઅને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત પોલીસને સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી અને ગૃહરાજ્યમંત્રીશ્રી દ્વારા પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે, આ ડ્રાઈવનાં ઉદ્દેશ માત્રકરિયાદોની સંખ્યા કરવાનોનથી. પરંતુ ગ્રાહ્ય કરિયાદોને જ નોંધવામાં આવે અને તેનાઆધારે કડકપણે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે, સાથે સાથે જે અરજદાર પાસેથી વ્યાજખોરે ખોટી રીતેનાણા પડાવ્યા હોય તે નાણા પણ પરત અપાવવાનો અભિગમ છે. તા.૨૧મી જુનથી અત્યાર સુધીમાં રાજ્યભરમાં યોજાયેલા ૫૬૮ લોકદરબારમાં ૩૨ હજાર થીવધુ નાગરિકો જોડાયા છે. આ લોક દરબારમાં વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલા નિર્દોષ લોકોએ પોલીસસમક્ષ પોતાની વ્યથા ઠાલવી છે. આ લોકદરબારમાં પોલીસ મહાનિરીક્ષકશ્રી, પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ઉચ્ચ અધિકારીશ્રીઓએ વ્યાજખોરોના દબાણથી પરેશાન નાગરિકોનીવેદના ખૂબજ ધ્યાનથી સાંભળી અને તેઓ લોકોની વચ્ચે ગયા ને તેમની કરિયાદોના નિકાલ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથધરી છે.

નાણાં ઉછીના લેવા છે તો કેન્દ્રની યોજનાઓછે જ: લોન ધિરાણ આપવામાં સહાયતામાટે કેમ્પનું આયોજન

દેશમાં કેન્દ્ર સરકાર જનસામાન્ય માટે અનેકઉપયોગી યોજનાઓચલાવે છે. આ તમામ યોજનાઓની જાણકારીના અભાવે જરૂરીયાતવાળા જનતાલેભાતુ તત્વોના ચુંગાલમાં ફસાય છે. નાણાં ધીર ધાર કરનારાઓ આવીજ જાગૃતિના અભાવનો ફાયદોઉઠાવે છે.

વધુથી માંડીને મોટા વેપાર માટે પણ કેન્દ્ર સરકારની સ્વનિધિ મુદ્રા યોજનામાં સાવ નજીવા દરે અને સબસિડીના લાભ સાથે નાણાં આપવામાં આવે છે પરંતુ પાસેથી નાણાં લે છે. તથી સામાન્ય પ્રજાને લોન-ધિરાણ મેળવવામાં મદદરૂપથવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી બેંકોના પ્રતિનિધીઓ તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીશ્રીઓતથા જીલ્લામાંઆપ્રદારની લોન સહાય આપતાં અન્ય સરકારી વિભાગોના પ્રતિનિધીઓ સાથે સંકલન કરી લોન ધિરાણ અપાવવામાં સહાયતા માટે કેમ્પનું આયોજન કરવાનું પણનક્કી કરવામાં આવ્યું છે.

આદર્શ સમાજ ના નિર્માણની દિશામાં મક્કમ પગલું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષસંઘવીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યભર માં પોલીસ વ્યાજખોરો પર તવાઈ બોલાવી રહી છે. અત્યાર સુધી વ્યાજખોરોની પકડાણી ઉઘરાણીથી કંટાળી આત્મઘાતિક પગલું ભરવાનીતેયારી કરી ચૂકેલા કેટલાંક પરિવારો પણ હવે સામે આવી રહ્યાં છે. પોલીસને મુક્તમને પોતાની વ્યથા જણાવી રહ્યાં છે. પોલીસ પણ તેમની પીડા સાંભળીને વ્યાજખોરોનાવિષચક્રમાંથી તેમને મુક્ત કરી રહ્યાં છે. ગુજરાતમાં નાણાંધીરધારનો ધંધો ડાઘમુક્ત બને તવા અને ગેરકાયદે વ્યાજે નાણાં આપતાં લોકો પર લગામ લાગે તે અભિગમ સાથેચાલી રહેલું આ અભિયાન ખરેખર એક મોટા સામાજિક દૂષણનો પણ અંત લાવશે.રાજ્ય સરકાર ઉપરાંત ગુજરાત પોલીસ પણ આ માટે ધન્યવાદને પાત્ર છે. આદર્શ સમાજના નિર્માણની દિશામાં આ એક મહત્વનું પગલું છે.

પ્રાકૃતિક ખેતી એ ગુજરાત સરકારનું મિશન છે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

ગુજરાતમાં એક વર્ષમાં વધુ ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એવા લક્ષ્ય સાથે કામ કરવાની આવશ્યકતા : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગુજરાતમાં રાસાયણિક ખાતરનો વપરાશ ઘટતાં કેન્દ્ર સરકાર પ્રોત્સાહન તરીકે રૂ. ૧૦૦૦ કરોડ ફાળવશે જે પ્રાકૃતિક કૃષિના વિકાસ માટે વપરાશે : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા ચાલી રહેલા મહાઅભિયાનને વધુ વેગવાન અને અસરકારક બનાવવા રાજભવનમાં યોજાયેલી રાજ્યકક્ષાની સમીક્ષા બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વરિષ્ઠ અધિકારીઓ અને ખેડૂત આગેવાનોને માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતમાં અત્યારે ૮,૨૩,૫૫૦ ખેડૂતોપ્રાકૃતિક ખેતી કરી રહ્યાછે. આગામીએક વર્ષમાં વધુ ૧૦લાખ ખેડૂતોપ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એવા લક્ષ્ય સાથે કામ કરવાની આવશ્યકતા છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પાંચ-પાંચ ગામના ૨,૯૧૬ ક્લસ્ટર્સ બનાવીનેદરેક ક્લસ્ટર્સમાં એક નિષ્ણાત ખેડૂત અને કૃષિ વિભાગના એક નિષ્ણાત અધિકારી ખેડૂતોને તેમના ખેતરમાં જઈને તાલીમ આપી રહ્યા છે. અત્યાર સુધીમાં ૪૩,૯૮ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનીતાલીમ આપવામાં આવી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએકહ્યુંહતું કે, ગુજરાતની ધરતીવાળા, આણંદ, નવસારી અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટીઓના ૧૯૯ વર્ષના સંશોધનોથી વૈજ્ઞાનિક સાબિતી મળી છે કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાથી કૃષિ ઉત્પાદન પહેલા જ વર્ષે વધે છે અને ઉત્પાદનની ગુણવત્તામાં બમણો સુધારોથાય છે. ભૂમિની ફળદ્રુપતા પણ ઝડપી લાવવી હશે, લોકોનું સ્વાસ્થ્ય સુધારવું હશે અને પર્યાવરણ બચાવવું હશેતો પ્રાકૃતિક કૃષિ વિના નહીં ચાલે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલેકહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી એ ગુજરાત સરકારનું મિશન છે. પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીનું પણ મિશન છે. તેમણે કહ્યું કે, ગુજરાતનો પ્રત્યેક ખેડૂત રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે એ આપણું લક્ષ્ય છે. આ માટેસૌના સહિયારા પ્રયાસો જરૂરી છે. ગુજરાતના ખેડૂતોપ્રાકૃતિક ખેતી કરવા પ્રેરાય તે માટે ગામેગામ પ્રાકૃતિક ખેતીનું મોડેલ ફાર્મ તૈયાર કરવાની સૂચના આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી માટે મિશન મોડ પર કામ કરવાની આવશ્યકતા છે. વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામો અત્યંત પ્રોત્સાહક છે ત્યારે પ્રત્યેક ખેડૂત વહેલામાં વહેલીતકે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ સમયની માંગ છે. ગત વર્ષે ગુજરાતમાં ૩,૧૦૭ મોડલ પ્રાકૃતિક ફાર્મ તૈયાર કરાયા છે. વર્ષ ૨૦૨૪-૨૫માં વધુ ૩,૨૪૫ મોડેલ ફાર્મ તૈયાર કરવાનું આયોજન છે. રાજ્યના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધારવા કૃષિ વિભાગ પરિણામલક્ષી પ્રયત્નો કરી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી હેઠળનો વિસ્તાર વધી રહ્યો છે. પરિણામે ગત વર્ષે ગુજરાતમાં રાસાયણિક ખાતરના ઉપયોગમાં ઘટાડો થયો છે. પરિણામે કેન્દ્ર સરકારની યોજના મુજબ ગુજરાતને ?૧,૦૦૦ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ પણ મળશે.તેમણે આરકૃષ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી માટે વાપરવાની જાહેરાતકરીહતી. તેમણેહજુ વધુ ગંભીરતાથી પરિણામલક્ષી કામ કરવા અધિકારીઓ અને ખેડૂત આગેવાનોને અનુરોધ કર્યો હતો. રાજભવનમાંયોજાયેલી રાજ્યની ઉચ્ચકક્ષાની આ સમીક્ષા બેઠકમાં કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ.કે. રાકેશ, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મનીષકુમાર બંસલ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડી. એચ. શાહ સંયુક્ત સચિવ શ્રી પી. ડી. પલસાણા અને શ્રી આર. એમ. ડામોર, વરિષ્ઠ અધિકારીઓ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. સી. કે. ટીભણિયા, રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ, પ્રાકૃતિક કૃષિના રાજ્ય સંયોજક શ્રી પ્રફુલભાઈ સંજલીયા અને આગેવાન ખેડૂતોએ ઉપસ્થિત રહીને પ્રાકૃતિક કૃષિનાવિકાસ માટે મહત્વના સૂચનો કર્યા હતા.

GUVNL દ્વારા બનાવેલ પોર્ટલ એક સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ

રિન્યુએબલ એનર્જી પોલિસીને વધુ વેગ આપવા ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે જીયુવીએનએલ અને સંલગ્ન કંપનીઓના લોગો તેમજ 'અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ'નું ગાંધીનગર ખાતેથી અનાવરણ કરાયું

પોર્ટલથી રોકાણકારો અને હિતધારકોને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સના ઝડપી અને વધુ કાર્યક્ષમ ઉપયોગની સુવિધા મળશે

કમલમ્ ન્યુઝ,

ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી, ૨૦૨૩ અંતર્ગત ગુજરાત સરકારના ઊર્જા વિભાગ દ્વારા અનેક પહેલો કરવામાં આવી છે. રિન્યુએબલ એનર્જી પોલિસીને વધુ વેગઆપવા ઊર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે 'અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ'નું ગાંધીનગર ખાતેથી અનાવરણ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ ગુજરાત ઊર્જાવિકાસનિગમ લિમિટેડ (GUVNL) દ્વારા બનાવવામાં આવ્યું છે. 'અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ'મારફતે ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટસ માટે મંજૂરીની પ્રક્રિયા સરળ બનશે.આ પોર્ટલએક સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ છે જેનાથી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટના ઝડપીઅને વધુ કાર્યક્ષમ ઉપયોગની સુવિધા મળશે. આ પોર્ટલનો ઉદેશ રોકાણકારો અને હિતધારકો માટે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપતો પ્રોજેક્ટ સની મંજૂરીઓને ઝડપીબનાવવાનો છે. 'અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ'ના અનાવરણ પહેલા GEDA, GETCO, DISCOM, CEI, SLDS અને EPDજેવી અલગ વેબસાઈટથી અરજીની પ્રક્રિયા કરવામાં આવી હતી પરંતુ પોર્ટલના માધ્યમથી પ્રોજેક્ટની અરજીપ્રક્રિયાવધુસરળબનશે. આ ઉપરાંત રોકાણકારો અને હિતધારકોએ તમામ ડોક્યુમેન્ટ્સ પણ એકજ પોર્ટલપર એકજ વાર અપલોડ કરવાના રહેશે તથા રજીસ્ટ્રેશન ફી પણ એક જ વાર ભરવાની રહેશે. આ ઉપરાંત મંત્રીશ્રી ના હસ્તે જીયુવીએનએલ અને સંલગ્ન કંપનીઓના લોગોનું અનાવરણ કરવામાંઆવ્યું હતું આ કાર્યક્રમમાં GUVNLના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયપ્રકાશ શિવહરે, GEDAના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજય પ્રકાશ, GUVNLના ડિરેક્ટર શ્રી તુષાર પરમાર તથા શ્રી કમલેશ જોશી, GETCO નામેનેજિંગ ડિરેક્ટર શ્રી ઉમેન્દ્ર પંઢ તથાઊર્જા વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Capital Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanisha Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028